©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 07th AUGUST, 2025/SRAVANA 16, 1947 [No. 34

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0214/03/2025.-પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટલીજન્સ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગાંધીનગરના તા. ૦૧-૧૧-૨૦૨૧ ના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ થી અત્રેના જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન, યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલમ માહિતી અત્રે મોકલેલ છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુલ-૧૨૩ વિસ્તાર પૈકી ૭૨-રેડ ઝોન તથા ૫૧-યલો ઝોન જાહેર કરેલ છે. ઉકત માહિતી અન્વયે અત્રેના જિલ્લાના ઈન્સ્ટોલેશનને રેડ ઝોન, યલો ઝોનમાં વિભાજીત કરેલ માહિતી અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરી સદર માહિતીને ડીજી સ્કાય એપમાં અપલોડ કરવા સૂચના થઈ આવેલ છે. તેમજ અત્રેના જિલ્લાના ઉકત રેડ ઝોન, યલો ઝોનની માહિતી અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા. ૨૪-૦૩-૨૦૨૫ ના પત્ર નં. એલઆઈબી/ડ્રોન/જાહેરનામુ/૬૭૯/૨૦૨૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત મને યોગ્ય જણાય છે.

આથી હું, **ભૂપેશ જોટાણીયા,** (GAS), **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના વિસ્તારોને રેડ ઝોન અને યલો ઝોન જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ સદરહુ હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૫ થી તા. ૨૯-૦૫-૨૦૨૫ (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેમનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ તમામે કરવાનું રહેશે.

આજ તા. ૦૦-૦૩-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડવામાં આવ્યો.

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

અત્રેની કચેરીના જાહેરનામા નં. DBD/0214/03/2025, તા. ૦૨-૦૪-૨૦૨૫ ની સાથેનું પરિશિષ્ટ-૧

Devbhumi Dwarka

Sr. No.	Unit Sr. No.	Name of Place	Full Postal Address	Remmendation as per point no. 4 of SOP of MHA Dated 16-12-2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Exten/Limit of Buffer Zone where drone will be restricted as per MHA circular dated 8th Nov. 2018
1	2	3	4	5	6	7	8	9
1859	1	Nayara Energy	Khambhaliya-JamnagarHigh Way Road, Vadinar, 361305	j	Red	22.326057	69.75135	100 Mtr distance from perimeter
1860	2	Khambhaliya Railway Station	Railway Station,Khambhaliya 361305	m	Yellow	22.2194	69.658963	50 Mtr distance from perimeter
1861	3	Bhatiya Railway Station	Bhatiya Railway Station, Kalyanpur 361320	m	Yellow	22.517	69.1641	50 Mtr distance from perimeter
1862	4	Dwarka Railway Station	Dwarka Railway Station, Dwarka 361335	m	Yellow	22.1456	68.5846	50 Mtr distance from perimeter
1863	5	Okha RailwayStation	Okha Railway Station Okha 361350	m	Yellow	22.282	69.438	50 Mtr distance from perimeter
1864	6	Essar Power,Gujarat Limited	44 Km Mile Stone, Jamnagar Okha High-way, Post Box-07,361305	j	Red	22.30546	69.70993	2 km distance from perimeter
1865	7	Ghee Dam,	Behind Navchetan School, Khambhaliya 361305	m	Yellow	22.18985278	69.6521778	2 km distance from perimeter
1866	8	Essar BulkTerminal Salaya	44 Km Mile Stone,Jamnagar OkhaHighway, Post Box-07,361305	j	Red	22.1912	69.4119	2 km distance from perimeter
1867	9	Essar Jetty	Parodiya, Salaya361310	m	Yellow	22.2332	69.3629	250 Mtr distance from perimeter
1868	10	Durdarshan HighPower Transmisan,Dwarka	Bhadkeshvar Mandir Road, Near Leuva Patel Bhavan, Dwarka-361335	m	Yellow	22.145	68.5723	250 Mtr distance from perimeter
1869	11	66 KV SubStation, Bajana	Bajana, Khambhaliya361305	j	Red	22.130272	69.761941	100 Mtr distance from perimeter
1870	12	66 KV Sub Station, Bhadthar	Bhadthar, Near Thaker Sherdi Village, Khambhaliya 361305	j	Red	22.09043333	69.5696139	100 Mtr distance from perimeter
1871	13	66 KV Sub Station, Bhankhokhari	At Bhankhokhari Patiya, Khambhaliya,361305	j	Red	22.09291944	69.6626028	100 Mtr distance from perimeter
1872	14	66 KV Sub Station Chokhanda	At Chokhanda, Bhanvad, 360510	j	Red	22.051988	69.781616	100 Mtr distance from perimeter

1	2	3	4	5	6	7	8	9
1873	15	66 KV SubStation, Goinj	At Goinj, Khambhaliya, 361305	j	Red	22.30537778	69.5608639	100 Mtr distance from perimeter
1874	16	66 KV SubStation, Juvangadh	At Juvangadh, Khambhaliya, 361305	j	Red	22.16056	69.55775	100 Mtr distance from perimeter
1875	17	66 KV Sub Station, Kanchanpur	At Kanchanpur,Khambhaliya, 361305	j	Red	22.24391667	69.7069	100 Mtr distance from perimeter
1876	18	132 KV SubStation,-JamKhambhaliya	Near Government Hospital, Salaya Char Rasta, Khambhaliya. 361305	j	Red	22.21949	69.641945	100 Mtr distance from perimeter
1877	19	66 KV SubStation, Morjar	At Morjar, Khambhaliya, 361305	j	Red	22.015818	69.796468	100 Mtr distance from perimeter
1878	20	66 KV SubStation, Ramnagar	At Ramnagar, Khambhaliya, 361305	j	Red	22.467114	70.059729	100 Mtr distance from perimeter
1879	21	66 KV Sub Station, Vadtra	At Vadatra, Khambhaliya, 361305	j	Red	22.12452	69.30074	100 Mtr distance from perimeter
1880	22	66 KV Sub Station,Vadinar	At Vadinar, 361010	j	Red	22.409611	69.724609	100 Mtr distance from perimeter
1881	23	66 KV Sub Station, Gadhka	Near Gadhka Village.	j	Red	22.101379	69.419121	100 Mtr distance from perimeter
1882	24	66 KV SubStation, Lalparda	At Lalparda, Khambhaliya, 361305	j	Red	21.997223	69.601669	100 Mtr distance from perimeter
1883	25	66 KV Sub Station, Gorana	At Gorana, Kaliyanpur, 361320	j	Red	21.932943	69.51442	100 Mtr distance from perimeter
1884	26	66 KV Sub Station, Rajapra	At Rajapra, Kaliyanpur, 361320	j	Red	22.339096	71.111031	100 Mtr distance from perimeter
1885	27	66 KV Sub Station, Lamba	Near Lamba Village, Kaliyanpur, 361320	j	Red	21.929768	69.293304	100 Mtr distance from perimeter
1886	28	66 KV Sub Station, Ran	Near Limbadi Patiya, Kaliyanpur, 361320	j	Red	22.157087	69.341087	100 Mtr distance from perimeter
1887	29	132 KV SubStation, Bhatia	At Bhatiya, Kaliyanpur, 361320	j	Red	22.097328	69.264595	100 Mtr distance from perimeter
1888	30	66 KV Sub Station,-Bakodi	At Bakodi, Kaliyanpur, 361320	j	Red	22.035198	69.350655	100 Mtr distance from perimeter
1889	31	66 KV Sub Station, Kaliyanpur	At Kaliyanpur, 361320	j	Red	22.006479	69.397728	100 Mtr distance from perimeter
1890	32	66 KV Sub Station, Aarmbhda	B.L.Agraval Road, Near JadeshvarMandir, Arambhada Mithapur 361345	j	Red	22.2528	69.0224	100 Mtr distance from perimeter

1	2	3	4	5	6	7	8	9
1891	33	66 KV, SubStation, Dwarka	Near Khodiyar Mandir, Dwarka 361335	j	Red	22.230278	68.983333	100 Mtr distance from perimeter
1892	34	66 KV Sub Station, Korada	Korada Chwokdi, Charakla Road, Dwarka 361335	j	Red	22.22382778	69.0448583	100 Mtr distance from perimeter
1893	35	66 KV Sub Station,-Varvala	At Varvala, Dwarka 361335	j	Red	22.28932778	68.9668194	100 Mtr distance from perimeter
1894	36	I.O.C. Vadinar	At Vadinar, Khambhaliya 361305	j	Red	22.41051667	69.7237472	3 km distance from perimeter
1895	37	Sinhan Dam	Near Aradhana Dam.Khambhaliya-Jamna-garHigh Way Road361305	m	Yellow	22.28458889	69.7000278	2 km distance from perimeter
1896	38	Air Force Emergency Runway	Khambhaliya-JamnagarHigh Way Road, NearGokul Hotel-361305	j	Red	22.26941944	69.6810361	3 km distance from perimeter
1897	39	Air Force Radar Station	Near Data Village, Khambhaliya-Jamnagar-High Way Road-361305	j	Red	22.161746	69.408614	3 km distance from perimeter
1898	40	Coast GuardStation, Vadinar	At Vadinar, 361010	j	Red	22.41155278	69.7257278	3 km distance from perimeter
1899	41	Railway Station, Bhanvad	Railway Station,Bhanvad 360510	m	Yellow	21.93342778	69.8081194	50 Mtr distance from perimeter
1900	42	66 KV Sub Station, Bhanvad	Bhanvad-Verad Road, Bhanvad 360510	j	Red	22.0089	69.7144	100 Mtr distance from perimeter
1901	43	66 KV Sub Station, Vanavad	Jam Jodhpur Road, Bhanvad 360510	j	Red	21.91998333	69.9158639	100 Mtr distance from perimeter
1902	44	66 KV Sub Station,-Gunda	Gunda. Bhanvad 360510	j	Red	22.0089	69.7144	100 Mtr distance from perimeter
1903	45	66 KV Sub Sta-tion,Ranpar	Gadu Village, Hathla Road, Bhanvad 360510	j	Red	22.6486	74.5214	100 Mtr distance from perimeter
1904	46	Crain India &Vedanta Limitade	Bhogat Tarminal, Bhogat-Bhatiya Road, Kaliyanpur, 361320	m	Red	22.013675	69.160117	100 Mtr distance from perimeter
1905	47	K.P.T. Jetty,Vadinar	At Vadinar, 361010	m	Yellow	22.44073889	69.6722306	250 Mtr distance from perimeter
1906	48	Sani Dam	Near Raval Village, Kalyanpur 361320	m	Yellow	21.97675556	69.4924333	2 km distance from perimeter
1907	49	Harshad-Miyani-Bridge	Harshad (Gandhvi), Kalyanpur, 361320	m	Yellow	21.84581389	69.3735333	50 Mtr distance from perimeter
1908	50	Shri Dwarkadhishji-Mandir, Dwarka	At Dwarka 361335	g	Red	22.23769444	68.967325	100 Mtr distance from perimeter
1909	51	Tata Chemicals, Mithapur	At Mithapur, 361345	m	Yellow	22.40741389	69.0085556	100 Mtr distance from perimeter

1	2	3	4	5	6	7	8	9
1910	52	Nageshvar Mandir, Nageshvar	At Nageshvar, Mithapur, 361345	g	Yellow	22.33610556	69.0870944	100 Mtr distance from perimeter
1911	53	GMB Jetty	At Okha, Dwarka 361350	m	Yellow	22.279716	69.048237	250 Mtr distance from perimeter
1912	54	Okha PassengerJetty	At Okha, Dwarka 361350	m	Yellow	22.46649167	69.0786861	250 Mtr distance from perimeter
1913	55	Beyt PassengerJetty	At Beyt Okha, Dwarka 361350	m	Yellow	22.45130556	69.0918778	250 Mtr distance from perimeter
1914	56	Shri Bet Dwarkadhishji Mandir, Bet Dwarka	At Beyt Okha, Dwarka 361350	g	Red	22.45208056	69.0959194	100 Mtr distance from perimeter
1915	57	S.P.M. Crain India Oil, Bhogat	At Bhogat, Kalyanpur361320 (In Sea)	j	Red	21.93346944	69.1644444	2 km distance from perimeter
1916	58	220 KV SubStation, Bhatia	At Bhatiya, Kaliyanpur, 361320	j	Red	22.10623611	69.2531139	100 Mtr distance from perimeter
1917	59	66 KV SubStation, Devliya	Near Devliya Village Patiya, Kaliyanpur, 361320	j	Red	21.98944444	69.4025	100 Mtr distance from perimeter
1918	60	Air Force Station, Dwarka	Near Bhadkeshvar Tempal Dwarka, 361335	j	Red	22.24385278	68.96325	3 km distance from perimeter
1919	61	T.V. Station (Micro-Tower), Dwarka	At Dwarka 361335	m	Yellow	22.246325	68.9588556	100 Mtr distance from perimeter
1920	62	Netar No Pul(Bridge)	Mithapur-Okha Road, Near Aarmbhda Village. 361345	m	Yellow	22.43788056	69.0434056	50 Mtr distance from perimeter
1921	63	I.N.S. Okha	At Okha, 361350	j	Red	22.4710278	69.0767778	3 km distance from perimeter
1922	64	Coast GuardStation, Okha	At Okha, 361350	j	Red	22.46609722	69.0599083	3 km distance from perimeter
1923	65	Okha Port, Okha	At Okha, 361350	j	Red	22.47546389	69.0804944	2 km distance from perimeter
1924	66	Nora Tapu	In Sea Opp. Positra Village Sea Shore	m	Red	22.5162	69.3322222	2 km distance from perimeter
1925	67	Ded Moru Island	In Sea Opp. Positra Village Sea Shore	m	Red	22.4381	69.069	2 km distance from perimeter
1926	68	Shamiyani Island	In Sea Opp. Okha SeaShore	m	Red	22.48786111	69.0868889	2 km distance from perimeter
1927	69	Bhaider Tapu	In Sea Opp. Positra Village Sea Shore	m	Red	22.53122222	69.4051944	2 km distance from perimeter
1928	70	Bet Shankhodhar	In Sea Opp. Okha SeaShore	m	Red	22.45133333	69.0919167	2 km distance from perimeter
1929	71	Khara Chusna	In Sea Opp. Positra Village Sea Shore	m	Red	22.41719444	69.2783333	2 km distance from perimeter
1930	72	Mitha Chusna	In Sea Opp. Positra Village Sea Shore	m	Red	22.4162	69..2782	2 km distance from perimeter
1931	73	Dhani Bet	In SeaOpp. Chudeshwar Village Sea Shore	m	Red	22.4008	69.5315	2 km distance from perimeter
1932	74	Kyu Island	In Sea Opp. Rajpara Village Sea Shore	m	Red	22.40680833	69.1046222	2 km distance from perimeter
1933	75	Asab Island	In Sea Opp. Positra Village Sea Shore	m	Red	22.39816667	69.2073611	2 km distance from perimeter

1	2	3	4	5	6	7	8	9
1934	76	Lefa Bet	In Sea Opp. Positra Village Sea Shore	m	Red	22.38630556	69.2007222	2 km distance from perimeter
1935	77	Chank Tapu	In Sea Opp. Simani Kalawad Village Sea Shore	m	Red	22.53122222	69.4051944	2 km distance from perimeter
1936	78	Roji Bet	In Sea Opp. Bara Village Sea Shore	m	Red	22.30638889	69.42475	2 km distance from perimeter
1937	79	Panero Tapu	In Sea Opp. Bara Village Sea Shore	m	Red	22.34211111	69.4473611	2 km distance from perimeter
1938	80	Gandhiya KadoTapu	In Sea Opp. Bara Village Sea Shore	m	Red	22.43930556	69.6484167	2 km distance from perimeter
1939	81	Merodi Bet	In Sea Opp.PositraVillage Sea Shore	m	Red	22.38355556	69.2139722	2 km distance from perimeter
1940	82	Lenga Merodi	[In Sea Opp.PositraVillage Sea Shore	m	Red	22.38277778	69.2170556	2 km distance from perimeter
1941	83	Ajad Tapu	In Sea Opp. Mota Aasota Village SeaShore	m	Red	22.38138889	69.3306944	2 km distance from perimeter
1942	84	Dabdaba Island	In Sea Opp. Positra Village Sea Shore	m	Red	22.36955556	69.1919444	2 km distance from perimeter
1943	85	Divadi Island	In Sea Opp. Positra Village Sea Shore	m	Red	22.36783333	69.1831667	2 km distance from perimeter
1944	86	Khimaro GhatTapu	In Sea Opp. Mota Aasota Village SeaShore	m	Red	22.33633333	69.3279167	2 km distance from perimeter
1945	87	Shiyardi Bet	In Sea Opp. Mota Aasota Village SeaShore	m	Red	22.32636111	69.3380556	2 km distance from perimeter
1946	88	Garu Bet	In Sea Opp. Mota Aasota Village SeaShore	m	Red	22.32647222	69.3475	2 km distance from perimeter
1947	89	Sanbeli Bet	In Sea Opp. Mota Aasota Village SeaShore	m	Red	22.32636111	69.3380556	2 km distance from perimeter
1948	90	Kalubhar Tapu	In Sea Opp. Mota Aasota Village SeaShore	m	Red	22.36633333	69.4589167	2 km distance from perimeter
1949	91	Signature Bridge	At-Okha-Beyt Dwarka 361350	m		22.454722	69.079722	50 Mtr distance from both the sides and ends
1950	92	National Academy-For CoastalPolicing	(NACP) Training Centre, Mojap, Mithapur, 361345	j	Red	22.375	68.976111	3 km distance from perimeter
1951	93	RSPL Ghadi Detergent, Pvt.Ltd.	At-Kuranga, Dwarka, 361335	m	Yellow	22.022778	69.185	100 Mtr distance from perimeter
1952	94	Light House,Dwarka	At Dwarka 361335	m	Yellow	22.238611	68.958056	100 Mtr distance from perimeter
1953	95	LightHouse, Shivrajpur, Dwarka	At Shivrajpur, Dwarka 361335	m	Yellow	22.330556	68.948889	100 Mtr distance from perimeter
1954	96	Light House,Okha	At-Okha Dwarka 361350	m	Yellow	22.746111	69.06967	100 Mtr distance from perimeter
1955	97	Light House,Navdra	At-Navdra,Ta. Kalyanpur	c	Yellow	21°57’4.01”N	69°14’7.44”E	100 Mtr distance from perimeter
1956	98	District Court, Dwarka	Rabari Gate, Dwarka 361335	c	Yellow	22.244722	68.963611	100 Mtr distance from perimeter
1957	99	District Court, Khambahliya	At Khambhaliya 361305	c	Yellow	22°12’9.63”N	69°39’9.82”E	100 Mtr distance from perimeter
1958	100	Court, Bhanvad	At Bhanvad 360510	c	Yellow	21°55’31.86”N	69°47’1.08”E	100 Mtr distance from perimeter
1959	101	Court, Kalyanpur	At Kaliyanpur, 361320	c	Yellow	22°0’42.57”N	69°23’45.79”E	100 Mtr distance from perimeter
1960	102	Court, Okha	At Okha, Gtral Road	c	Yellow	22°27’55.65”N	69°3’51.71”E	100 Mtr distance from perimeter

1	2	3	4	5	6	7	8	9
1961	103	Session Court,Okha	At-Okha Dwarka361350	c	Yellow	22.465556	69.07	100 Mtr distance from perimeter
1962	104	V.T.M.S, Okha	At-Okha Dwarka361350	j	Yellow	22.475833	69.079722	3 km distance from perimeter
1963	105	SP Office, Devbhumi Dwarka	Lalpur Road, Khambhaliya, 361305	m	Yellow	22°13’31.59”N	69°40’25.89”E	100 Mtr distance from perimeter
1964	106	Collector Office	Lalpur Road, Khambhaliya, 361305	m	Yellow	22°13’29.03”N	69°40’27.97”E	100 Mtr distance from perimeter
1965	107	S.P.M. EssarVadinar	At Vadinar 361010 (InSea)	j	Yellow	22.50388889	69.6597222	3 km distance from perimeter
1966	108	S.P.M. I.O.C.-I Vadinar	At Vadinar 361010 (InSea)	j	Yellow	22.43566944	69.6663417	3 km distance from perimeter
1967	109	S.P.M. I.O.C.-2 Vadinar	At Vadinar 361010 (InSea)	j	Yellow	22.43566944	69.6663417	3 km distance from perimeter
1968	110	Bus Stations, Khambhaliya	Opposite MamlatdarOffice, Khambhaliya 361305	m	Yellow	22°12’35.83”N	66°39’27.90”E	100 Mtr distance from perimeter
1969	111	Bus Stations, Dwarka	Near Rabari Gate, Okha Road Dwarka 361335	m	Yellow	22°14’43.04”N	68°57’49.16”E	100 Mtr distance from perimeter
1970	112	TelephoneExchange	Bunglow Vadi Road, Behind Police Line, Jam Khambhaliya	m	Yellow	22°12’6.32”N	69°39’13.30”E	100 Mtr distance from perimeter
1971	113	TelephoneExchange	Vrujdham Society, Dwarka	m	Yellow	22°14’56.27”N	68°57’34.35”N	100 Mtr distance from perimeter
1972	114	TelephoneExchange	Near Ashabahpir Dargah, Bhanvad,	m	Yellow	21°55’36.60”N	69°45’48.04”E	100 Mtr distance from perimeter
1973	115	TelephoneExchange	Jam Kalyanpur, NearMamlatdar Office	m	Yellow	22°0’27.75”N	69°23’58.04”E	100 Mtr distance from perimeter
1974	116	TelephoneExchange	Kalyanpur Road, Bhatiya	m	Yellow	22°5’30.67”N	69°17’1.12”E	100 Mtr distance from perimeter
1975	117	TelephoneExchange	Surajkaradi, NooraniRoad	m	Yellow	22°25’22.22”N	69°1’10.59”E	100 Mtr distance from perimeter
1976	118	TelephoneExchange	Movan Village,Ta.Khambhaliya	m	Yellow	22°6’54.74”N	69°29’29.85”E	100 Mtr distance from perimeter
1977	119	TelephoneExchange	Vadtra Village, Ta.Khambhaliya	m	Yellow	22°12’21.74”N	69°30’19.41”E	100 Mtr distance from perimeter
1978	120	TelephoneExchange	Samor Village, Ta.Khambhaliya	m	Yellow	22°15’7.26”N	69°34’31.32”E	100 Mtr distance from perimeter
1979	121	Harsidhdi Mataji-Mandir	At. Harshad (Gandhvi) Village, Ta. Kalyanpur	m	Yellow	21°50’19.98”N	69°22’14.05”E	100 Mtr distance from perimeter
1980	122	Haji Kiramanipir Dargah	At.Bet Dwarka	m	Yellow	22°27’39.01”N	69°5’37.98”E	100 Mtr distance from perimeter
1981	123	Govt.Hospitals AtHQ	Salaya Road, JamKhambhaliya	m	Yellow	22°13’2.55”N	69°38’30.25”E	100 Mtr distance from perimeter

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/મેજી/મોબાઈલ/RFMS-7366/૨૦૨૫.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિસંવેદનશીલ જિલ્લો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નયારા એનર્જી, એસ્સાર પાવર, આઈ.ઓ.સી., ભારત ઓમાન ફેકટરી, તાતા કેમીકલ્સ, કેઈન ઈન્ડીયા, કે.પી.ટી. વિગેરે જેવા વાયટલ ઈન્સટોલેશન સેન્ટરો આવેલ હોવાથી, રાજગારીની અનેક તકો ઉભી થયેલ હોય સમગ્ર દેશમાંથી લોકો રોજગારી અર્થે અત્રેના જિલ્લામાં આવે છે. આ લોકો તેમજ સ્થાનિક લોકો દ્વારા તેઓની જરૂરીયાત મુજબ મોબાઈલ વિક્રેતા પાસેથી મોબાઈલ ખરીદ/વેચાણ કરે છે. આવા મોબાઈલ લે-વેચ અંગેનું રેકર્ડ મોબાઈલ વિક્રેતા પાસે હોવું જરૂરી છે. રાજયમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગનું પ્રમાણ વધતું જાય છે તેમજ મોબાઈલ ફોન ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં જે તે સમયે વપરાયેલ મોબાઈલનું રેકર્ડ સરળતાથી મળી રહે તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા. ૨૪-૦૩-૨૦૨૫ ના પત્ર નં. LIB/જાહેરનામું/૬૭૯/૨૦૨૫ થી મોબાઈલ ફોન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

સબબ, હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જુના કે નવા મોબાઈલ લે-વેંચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેંચનારનું તથા મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવા નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવાના રહેશે.

નવા મોબાઈલ ફોન વેચાણ વખતે નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	તારીખ	મોબાઈલ કંપની	મોબાઈલ ફોનનું મોડલ	મોબાઈલ ફોન IMEI (01)	મોબાઈલ ફોન IMEI (02)	મોબાઈલ ખરીદનારનું નામ	સરનામું	આધાર નંબર	મોબાઈલ નંબર	અન્ય વિગત
1	2	3	4	5	6	7	8	9	10	11

જુના મોબાઈલ ફોન ખરીદ તથા વેચાણ વખતે નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	તારીખ	મોબાઈલ કંપની	મોબાઈલ ફોનનું મોડલ	મોબાઈલ ફોન IMEI (01)	મોબાઈલ ફોન IMEI (02)	મોબાઈલ વેચનારનું નામ	સરનામું	આધાર નંબર	મોબાઈલ નંબર	મોબાઈલ ખરીદનારનુ નામ	સરનામું	આધાર નંબર	મોબાઈલ નંબર	અન્ય વિગત
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15

(૧) ઉપરોકત કોલમ મુજબના રજીસ્ટરો બનાવી મોબાઈલ દુકાનદાર/સંચાલકએ નજીકના પોલીસ સ્ટેશનમાં પેઈઝ નંબરો ઉપર સ્ટેમ્પિંગ (સિકકા એકુન) કરાવવાનું રહેશે.

(૨) ગ્રાહક દ્વારા આપવામાં આવતી માહિતીની ચોકસાઈ પુર્વક તપાસણી કરવાની રહેશે તેમજ નિયત કરવામાં આવેલ કોલમ મુજબ વ્યવસ્થિત રજીસ્ટરો નિભાવવાના રહેશે તેમજ જરૂર પડયે પોલીસ અધિકારી સમક્ષ ઉપરોકત રજીસ્ટરો રજુ કરવાના રહેશે.

(૩) ગ્રાહક દ્વારા આપવામાં આવતી માહિતીની ગુપ્તતા જાળવવાની જવાબદારી મોબાઈલ દુકાનદાર/સંચાલકની રહેશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તા. ૩૧-૦૩-૨૦૨૫ થી તા. ૨૯-૦૫-૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર તથા તેમનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૮-માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૨૮ માહે માર્ચ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0209/03/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. હાલના પ્રવર્તમાન સંજોગો અને ગુપ્ત સંસ્થાઓના વખતો-વખતના અહેવાલ અનુસાર રાષ્ટ્ર વિરોધી આંતકવાદી પ્રવૃતિ કરતા નાપાક તત્વો બહારથી આવી અત્રેના જિલ્લામાં રોકાણ કરી આતંકવાદી પ્રવૃતિ કરી શકે છે. અત્રેના જિલ્લામાં આવેલ શ્રી દ્વારકાધીશ જગતમંદીર, નયારા ઓઈલ, એસ્સાર પાવર, આઈ.ઓ.સી., ભારત ઓમાન ફેકટરી, તાતા કેમીકલ્સ, કેઈન ઈન્ડીયા, કે.પી.ટી. વિગેરે જેવા વાયટલ ઈન્સટોલેશન સેન્ટરો ઉપર આંતકવાદી હુમલાની શકયતા રહેલ છે.

ગુજરાત રાજયના અદભુત વિકાસને પરિણામે રોજગારીની અનેક તકો ઉભી થયેલ હોય બહારના રાજયોમાંથી હજારોની સંખ્યામાં પરપ્રાંતીય લોકો રોજગારી અર્થે આવે છે. તેઓ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અલગ-અલગ જગ્યાએ મકાન ભાડે રાખી વસવાટ કરે છે. જેમાં અમુક ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહીત માનસ ધરાવતા ઈસમો આવી વસવાટ કરે એવી સંભાવનાઓ રહેલ છે અને આવા ઈસમો અત્રેના જિલ્લામાં રોકાણ કરી રેકી કરી તક મળ્યે ગુન્હાહીત અને આતંકવાદી રાષ્ટ્રવિરોધી પ્રવૃતીઓ આચરી નાશી જાય તેવું બની શકે છે, અને રાજયમાં ભુતકાળમાં આ બનાવો બનવા પામેલ છે.

હાલના પ્રવર્તમાન સંજોગો અને ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, સુરત, મોડાસા વિગેરે જગ્યાઓએ થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા આતંકવાદી કૃત્યો અનુસંધાને આવા કૃત્યોને અટકાવા માટે અને ગુપ્તચર સંસ્થાઓ દ્વારા વખતોવખત મળતા અહેવાલોને ધ્યાને લઈ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ અત્રેના જિલ્લામાં કોઈ આતંકવાદી કૃત્ય ન બને તેમજ આવા કૃત્ય કરવાનો ઈરાદો ધરાવતા ઈસમોને અટકાવવા સારૂ તેમજ કાયદો-વ્યવસ્થા અને જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુસર આવી ગુનાહિત પ્રવૃતિ અટકાવવી આવશ્યક હોય મકાન ભાડેથી આપવાના કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનને તે અંગેની જાણ કરવામાં આવે તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જિલ્લાના ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં ગુજરાત બહારના રાજ્યોમાંથી લોકો ધંધા-રોજગાર અર્થે મોટી સંખ્યામાં આવે છે. આવા લોકો કયા સ્થળેથી આવેલા છે? કઈ જગ્યાએ કામ કરવા માટે આવેલા છે? અને કઈ જગ્યાએ કેટલા દિવસનું રોકાણ કરેલુ છે? વિગેરે માહિતી ઉપલબ્ધ થઈ રહે તે ઘણું જ આવશ્યક જણાય છે. આથી પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

તેથી હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે મકાન ભાડે આપ્યાની તારીખથી સબંધિત મકાનની વિગત, ભાડુઆતના સરકારી ઓળખકાર્ડની નકલ, મૂળ રહેણાંકની સંપૂર્ણ વિગત, સબંધિત મકાનના દલાક કે ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી દિવસ-૮ માં નીચે મુજબના પત્રકમાં ભરી જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનને ભાડુઆતના ઓળખ પ્રુફની નકલ સાથે રૂબરૂમાં અગર તો ટપાલથી મોકલી આપવાની રહેશે. અગાઉ જે મકાનો ભાડે અપાયેલા હોય તે કિસ્સામાં પણ આવી માહિતી દિવસ-૮ માં સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે.

અનુ.	ભાડે આપેલ મકાનની વિગત તથા સરનામું મકાન ભાડે આપ્યાની તારીખ અને માસીક ભાડાની વિગત	મકાન માલિક/ મકાન ભાડે આપવા/ વ્યવસ્થા કરી આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું ફોન/મોબાઈલ નંબર	કઈ વ્યકિતને મકાન ભાડે આપેલ છે. તેના પાકા નામ સરનામા ફોન/મોબાઈલ નંબર, ફોટો આઈડી. પુફની નકલ તેમજ ઉપરના ભાગે ભાડુઆતનો હાલનો ફોટોગ્રાફ	ભાડે આપેલ મકાનમાં રહેતા તમામ વ્યકિતના નામ સરનામા ફોન/ મોબાઈલ નંબર, ફોટો આઈડી પુફની નકલ તેમજ હાલનો ફોટોગ્રાફ	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા ફોન/મોબાઈલ નંબર
૧	૨	૩	૪	૫	૬

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ તા. ૩૧-૦૩-૨૦૨૫ થી તા. ૨૯-૦૫-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૦-માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

જાહેરનામું

Letter No. DBD/0212/03/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. તેમજ ગુજરાત રાજયના અદ્‌ભુત વિકાસને પરીણામે રોજગારીને અનેક તકો ઉભી થયેલ હોય બહારના રાજયોમાંથી હજારોની સંખ્યામાં પરપ્રાંતિય લોકો રોજગારી અર્થે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવે છે. મોટા ભાગના ખેડુતો પોતાની ખેતીવાડીમાં કામ માટે પરપ્રાંતિય લોકોને રાખે છે. જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહિત માનસ ધરાવતા ઈસમો હોય એવી સંભાવના રહેલ છે. ભુતકાળમાં પણ કેટલાંક પરપ્રાંતિય મજૂરો ચોરી, લુંટ કે ગંભીર પ્રકારના હુમલાઓ કરી લોકોની જિંદગીની ખુંવારી થાય અથવા લોકોની સંપતિને નુકશાન થાય તેવું કૃત્ય કરીને નાસી ગયેલ છે. જ્યારે મજૂરીકામ કરવા માટે રાખનાર વાડી માલિક પાસે આવા પરપ્રાંતિય મજૂરોના ટૂંકા નામ સિવાય વિશેષ કોઈ માહિતિ હોતી નથી જેને કારણે આવા ગુન્હેગાર લોકોને પકડવાનું અને ગુન્હો શોધવાનું મુશ્કેલ બને છે.

જે તમામ પરિસ્થિતીને અનુલક્ષીને આવા ગુન્હેગારોની ભવિષ્યમાં તપાસમાં ભાળ મળે તે માટે તેમજ તેમના નાપાક મનસુબામાં કામીયાબ ન બને તે માટે પરપ્રાંતિય લોકોના જરૂરી રેકર્ડ ઉપલબ્ધ થઈ શકે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દરખાસ્ત મળેલ છે. જે દરખાસ્ત વ્યાજબી અને ઉચિત જણાય છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી કામ તથા અન્ય ઉદ્યોગો વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કે ભાગીયા, કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી પત્રક-એ મુજબ સબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૧૫ માં આપવાની રહેશે.

મજુરનો તાજેતરનો ફોટો

પત્રક-એ

મજુરીકામ માટે રાખેલ પરપ્રાંતના વ્યકિતની માહિતી

ક્રમ	મુદ્દા
૧	મજુરી કામ કરવા રાખેલ વ્યકિતનું પુરૂ નામ, ઉંમર, વતનનું સરનામું, મોબાઈલ નંબર (ફોટો આઈ.ડી. પ્રુફની નકલ સાથે)
૨	મજુરી કામ કરવા રાખેલ વ્યકિતનું હાલનું રહેણાંકનું સરનામું તથા મોબાઈલ નંબર/સંપર્ક નંબર.
૩	તેની સાથે બીજા માણસો રહેતા હોય તે તમામના તેના નામ-સરનામા, મોબાઈલ નંબર
૪	જેને ત્યાં કામ કરતા હોય તે વાડી માલીકનું નામ-સરનામું, મોબાઈલ નંબર
૫	કોઈ મારફત આવી વ્યકિતને કામે રાખેલ હોય તો તેવા મધ્યસ્થીનું નામ-સરનામું, મોબાઈલ નંબર
૬	અગાઉ જે કોઈ જગ્યાએ કામ કરેલ હોય તો તેના માલિકનું નામ-સરનામું અથવા તેના ગામના સરપંચ નામ-સરનામું, મોબાઈલ નંબર
૭	સ્થાનિકમાં આવી રીતે કામે રાખેલના ઓળખીતા રહેતા હોય તો તેના નામ-સરનામા, મોબાઈલ નંબર
૮	મજુરી કામે રાખેલ વ્યકિતના વતનનું પુરૂ સરનામું, પોલીસ સ્ટેશન તથા વતનમાં રહેતા માતા, પિતા, ભાઈ, બહેનની વિગત નામ-સરનામા, મોબાઈલ નંબર
૯	પરણિત હોય તો પત્ની/પતિનું તથા સસરા/સાળાના નામ-સરનામા, મોબાઈલ નંબર
૧૦	કામે રાખેલ વ્યકિતની ઉંચાઈ, દેખાવનું વર્ણન, અભ્યાસ તથા ઓળખી શકાય તેવી શારીરિક કોઈ નિશાની પૈકી શકય હોય તેટલી વિગતો આપવી.

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ તા. ૩૧-૦૩-૨૦૨૫ થી તા. ૨૯-૦૫-૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૦-માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0213/03/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિસંવેદનશીલ જિલ્લો છે. પ્રવર્તમાન સંજોગો અંગે ગુપ્ત સંસ્થાઓના વખતો-વખતના અહેવાલ અનુસાર રાષ્ટ્ર વિરોધી આતંકવાદી પ્રવૃતિ કરતા નાપાક તત્વો બહારથી આવી અત્રેના જિલ્લામાં રોકાણ કરી આતંકવાદી પ્રવૃતિ કરી શકે છે. અત્રેના જિલ્લામાં આવેલ શ્રી દ્વારકાધીશ જગત મંદીર, નયારા એનર્જી, એસ્સાર પાવર, આઈ.ઓ.સી., ભારત ઓમાન રીફાઈનરી, તાતા કેમીકલ, કેઈન ઈન્ડીયા, કે.પી.ટી. વિગેરે જેવા વાયટલ ઈન્સટોલેશન સેન્ટરો ઉપર આતંકવાદી હુમલાની શકયતા રહેલ છે. આથી આવા આતંકવાદી કૃત્યોને અટકાવવા માટે હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકની માહિતી હોટલ ખાતેથી જ ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી માટેનું સિકયોર વેબ પોર્ટલ ''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel information) ગુજરાત પોલીસ દ્વારા બનાવામાં આવેલ છે તથા આ સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાંચ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચના સોફટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ ક્રાઈમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. આમ, સોફટવેર કોઈ પણ નવી હોટલમાં ઈન્સ્ટોલ કરવા માટે જે તે સ્થળ પર જવાની જરૂરી નથી. પરંતુ મુખ્ય કાર્યાલય દ્વારા જે તે હોટલની રજીસ્ટ્રેશન લગત માહિતી સર્વરમાં સ્ટોર કર્યા બાદ યુઝરનેમ-પાસવર્ડ આપતા હોટલ આ સિસ્ટમ સાથે જોડાઈ જાય છે. જેના આધારે રોકાણ કરનાર ગ્રાહકની મહત્વની તમામ માહિતી પોલીસને તાત્કાલીક ધોરણે ઉપલબ્ધ થઈ જાય છે. જેના અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાના પત્ર નં. એલ.આઈ.બી./જાહેરનામા/૬૭૯/૨૦૨૫, તા. ૨૪-૦૩-૨૦૨૫ થી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા તૈયાર કરવામાં આવેલ ''પથિક'' સોફટવેરની અમલવારી કરાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

પથિક સોફટવેરથી એક જ જગ્યાએ બેસીને એક જ વ્યકિત દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી તમામ મુસાફરોની વિગત ચકાસી શકાય છે. જેના કારણે માનવ શકિતનો ઓછો ઉપયોગ કરી, ટેકનોલોજીની મદદથી સમયમર્યાદામાં કોઈપણ ગુન્હો બનતો અટકાવી શકાય અથવા બનેલ ગુન્હાના કામે ડીટેકશન કરવામાં મહત્વપૂર્ણ કડી સાબિત થઈ શકે છે.

સાંપ્રત સમયમાં બનતા ગુન્હા તથા આંતકવાદ જેવી ઘટનાઓ અટકાવવા, તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેવા સંજોગોમાં તમામ હોટલોને એક સાથે ચેક કરવી થોડી મુશ્કેલી તથા સમયનો વ્યય થાય પરંતુ ''પથિક'' સોફટવેર મારફત આ કામગીરીને ચેક કરી ગુન્હાહીત કે અન્ય માહિતી તાત્કાલીક મળી શકે છે. તેમજ સરળતાથી તપાસમાં ઉપયોગી થઈ શકે તેવી મહિતી ઉપલબ્ધ થઈ શકશે.

તદ્ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દરિયાઈ વિસ્તાર ખૂબ જ લાંબો આવેલ હોય તથા શ્રી દ્વારકાધીશ જગત મંદિર આવેલ હોય તથા મોટી કંપનીઓ કાર્યરત હોવાથી આંતરરાષ્ટ્રીય પથિકોની અવર-જવર રહેતી હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તેમજ અગત્યના ઈનપુટ બાબતે મહત્વની માહિતી મળી રહે તે સારૂ ''પથિક'' સોફટવેરની અમલવારી કરાવવી જરૂરી જણાય છે.

આથી, દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જાહેર સુલેહ-શાંતિ અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સુગમતા રહે તેવા હેતુસર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૩૧-૦૩-૨૦૨૫ થી તા. ૨૯-૦૫-૨૦૨૫ (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ સુધી નીચે મુજબની બાબતોનો ચૂસ્ત અમલ કરવા ફરમાવું છું.

(એ) દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ હોટલો અને ગેસ્ટહાઉસ ખાથે પ્રાંત/રાજ્ય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત આ ''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel information) સોફટવેરમાં હોટલ/ગેસ્ટહાઉસના માલીક/સંચાલકે અવશ્ય કરવી.

(બી) જાહેરનામું પ્રસિધ્ધ થયેથી સોફટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી ખાતેથી હોટલ/ગેસ્ટહાઉસના સંચાલક/માલીકોએ હોટલની વિગતો રજુ કરી યુઝર આઈડ-પાસવર્ડ દિન-૧૫ માં મેળવી લેવાના રહેશે.

(સી) દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ હોટેલ/ગેસ્ટહાઉસના માલીકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે પોતાના રીસેપ્સન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું. જેમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા તૈયાર કરવામાં આવેલ ''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel information) સોફટવેર ઈન્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી ''પથિક'' સોફટવેરમાં પણ કરાવની રહેશે.

(ડી) પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા હોટલ/ગેસ્ટહાઉસ સંચાલકો/માલીકોને ''પથિક'' સોફટવેર અંગેની જાણ તથા સમજ આપવાની રહેશે.

આ જાહેરનામું દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરાવવાનું રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૦-માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/મેજી/ફીલ્ડ ફાયરીંગ/૨૮૪/૨૦૨૫.-Captain/Adjutant for Comminding Officer, 27 Madras PIN 911 427, c/o. 56 APO તરફથી તા. ૨૩-૦૪-૨૦૨૫ના પત્ર નં. ૩૦૧/ARC/GS (Trg) થી મળેલ દરખાસ્ત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના કુંરગા તથા ઓખામઢી મુકામે ફિલ્ડ ફાયરીંગ રેન્જ માટે ગૃહ વિભાગના તા. ૧૩-૦૩-૨૦૨૩ના જાહેરનામા GG/36/2023/FAP/172000/2833/P.F./M થી અનામત રાખવામાં આવેલ વિસ્તારમાં એપ્રિલ-૨૦૨૫ થી જુન-૨૦૨૫ ના માસ દરમ્યાન ફાયરીંગ પ્રેકટીસ કરવાની હોવાથી ફાયરીંગ બટ વિસ્તારમાં જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

Captain/Adjutant for Comminding Officer, 27 Madras PIN 911 427, c/o. 56 APO ની દરખાસ્ત મને વ્યાજબી અને યોગ્ય જણાય છે.

જેથી હું, **ભૂપેશ જોટાણીયા (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના કુરંગા તથા ઓખામઢી મુકામે આવેલ ફાયરીંગ રેન્જ માટે ગૃહ વિભાગના તા. ૧૩-૦૩-૨૦૨૩ ના જાહેરનામાં નં. GG/36/2023/FAP/172000/2833/P.F./M થી અનામત રાખવામાં આવેલ વિસ્તારમાં તા. ૩૦-૦૪-૨૦૨૫ ૦૦-૦૦ કલાક થી તા. ૨૮-૦૬-૨૦૨૫ ૨૪-૦૦ કલાક દરમ્યાન જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી લાવવું જરૂરી હોય ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે અને Captain/Adjutant for Comminding Officer, 27 Madras PIN 911 427, c/o. 56 APO એ ફાયરીંગ રેન્જની આસપાસ લાલઝંડી સાથે સુરક્ષાબળના કર્મચારીઓને ઉભા રખાવવા અને લોકોની અવર-જવર ઉપર નિયંત્રણ રખાવવું તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવાની રહેશે.

આજ તા. ૨૮-એપ્રિલ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યું.

દેવભુમિ દ્વારકા, ૨૮ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/મેજી/જાહેરનામા/હથીયાર બંધી/૯૭૩/૨૦૨૫.-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરીએથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા તા. ૨૧-૦૪-૨૦૨૫ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામાં/૯૩૨/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મને વ્યાજબી જણાતી હોય હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળે મને મળેલ સતાની રૂઈએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૩૦-૦૪-૨૦૨૫ થી તા. ૨૯-૦૫-૨૦૨૫ સુધી ૨૪-૦૦ કલાક અમલમાં રહે તેમ (બન્ને દિવસો સહિત ૩૦ દિવસ) કોઈએ.

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(૩) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(૫) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહીં.

આ જાહેરનામું મુદા નં. ૧ તથા ૨ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળ ના સભ્યો કે જેમને ફરજ નિમિતે હથીયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથીયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બળવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા (૪) ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટિસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૩૦, એપ્રિલ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યું.

દેવભુમિ દ્વારકા, ૩૦ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળનું

વંચાણે લીધા : પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાના તા. ૨૬-૦૩-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૬૯૭/૨૦૨૫.

જાહેરનામું

નં. ડીએમ/મેજી/જાહેરનામું/૩૪/૨૦૨૫

(૧) જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસની ઘટનઓ વારંવાર બનવા પામેલ છે. જેથી અત્રેના જિલ્લામાં પણ નાગરિકો પોતાની માંગણી, રજૂઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી કલેકટર કચેરી તથા અન્ય કચેરીઓના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા રસ્તા ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતું અને મનસ્વીપણે આયોજન કરી કચેરીઓમાં તેમજ જાહેરમાર્ગ પર અવરોધ સર્જે છે. જેના પરિણામે કચેરીઓમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. તેમજ કચેરીમાં કામ કરતા કર્મચારીઓની કામગીરીને પણ અસર પહોંચે છે.

(૨) જેથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતીને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદીતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા દ્વારા વંચાણે લીધા પત્રથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૩) તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ જાહેર વ્યવસ્થાની સારી રીતે જળવાઈ રહે વાસ્તે હું, **ભૂપેશ જોટાણીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળ મને મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૪-૦૪-૨૦૨૫ થી તા. ૦૩-૦૪-૨૦૨૬ સુધી (બન્ને તારીખો સહિત) ના સમયગાળા દરમિયાન સક્ષમ અધિકારીશ્રીની પુર્વ પરવાનગી સિવાય દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ તમામ રાજ્ય સરકારના વિભાગો હસ્તકની કે તેના તાબાની તમામ કચેરીઓ તેમજ રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસોની કે તેમના તાબાની તમામ કચેરીઓ ખાતે તથા આ કચેરીઓના કંપાઉન્ડ તેમજ કંપાઉન્ડ પાસેના મુખ્ય રોડ/જાહેરમાર્ગ પર ઉપવાસ, આમરણાંત ઉપવાસ, ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે કચેરીના પરિસરના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કર્યા બાદ સભા/સરઘસ/ સુત્રોચ્ચાર કરવા જેવા કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૪) આ જાહેરનામું નીચેની વ્યકિતઓ/બાબતોને લાગુ પડશે નહી.

- ફરજ પર સરકારી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
- ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
- લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.
- સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.
- સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો કે અભિયાન અંતર્ગત કરવામાં આવતા આયોજનને.

(૪) આ જાહેરનામું દેવભૂમિ દ્વારકાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં સ્થાનિક વર્તમાન પત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્ય અસાધારણ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે તથા ભંગ કરાવવામાં મદદગીરી કરેશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૦૪-૦૪-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

દેવભુમિ દ્વારકા, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભૂપેશ જોટાણીયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.13 10:20:19 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot